# ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-01-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. રાજ્યના તમામ કમિશનરેટમાં આગામી ૩૦ એપ્રિલ સુધીમાં અને સમગ્ર રાજ્યમાં બનતી ત્વરાએ નવા ફોજદારી કાયદાઓનું અમલીકરણ સુનિશ્ચિત કરવા કેન્દ્રીય ગૃહમંત્રીની તાકીદ.
2. જીએસટી વિભાગે કેમિકલ્સ, ગિફ્ટ આર્ટિકલ્સ, રમકડાં, ઇલેક્ટ્રોનિક્સ, બ્યુટી પાર્લર અને મેનપાવર સહિત ૧૪ વેપારીઓને ત્યાં દરોડા પાડીને નવ કરોડ કરતાં વધુની કરચોરી ઝડપી.
3. BZ ફાયનાન્સ કૌભાંડના મુખ્ય આરોપી ભુપેન્દ્ર ઝાલાની જામીન અરજીને અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ફગાવી.
4. વરસાદની સર્જાયેલી સિસ્ટમ નબળી પડતાં રાજ્યમાં કમોસમી વરસાદના ઝાપટાંની નહિવત શક્યતા.
5. અમદાવાદમાં આવતીકાલે ગુજરાત સાયન્સ સિટીમાં ગુજરાત STEM ક્વિઝ 3.0 ગ્રાન્ડ ફિનાલે યોજાશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે 30 એપ્રિલ 2025 સુધીમાં સમગ્ર રાજ્યમાં નવા ફોજદારી કાયદાઓનો અમલ કરવા સૂચના આપી છે.

નવી દિલ્હીમાં ગુજરાતમાં ત્રણ નવા ફોજદારી કાયદાના અમલીકરણની સમીક્ષા માટે યોજાયેલી બેઠકની અધ્યક્ષતા કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યના મુખ્યમંત્રી દ્વારા દર મહિને અને ગૃહ રાજ્ય મંત્રી, મુખ્ય સચિવ, ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવ અને DGP દ્વારા દર અઠવાડિયે સમીક્ષા કરવા પર પણ ભાર મૂક્યો હતો..

શ્રી શાહે ત્રણ નવા ફોજદારી કાયદાના સાર આપતા આ નવા કાયદાઓમાં F.I.R. નોંધાયા બાદ ત્રણ જ વર્ષમાં ન્યાય મળવાની જોગવાઈ કરવામાં આવી હોવાનો ઉલ્લેખ કર્યો હતો..

રાજ્યમાં પોલીસ, જેલ, અદાલત, ફરિયાદ અને ન્યાયસહાયક અંગેની નવી જોગવાઈઓના અમલીકરણ અને વર્તમાન સ્થિતિની પણ આ બેઠકમાં  સમીક્ષા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી પણ આ બેઠકમાં  ઉપસ્થિત રહ્યાં હતાં..

# SECOND DAY GOOD GOVERNNANCE NATIONAL CONFERENCE

ગાંધીનગરમાં આયોજીત રાષ્ટ્રીય સુશાસન પરિસંવાદનો આજે બીજો દિવસ છે.. આજે સુશાસન અંગેની રાષ્ટ્રીય સ્તરે બીજા દિવસે પણ ચર્ચા થશે .. ગઇકાલે આ રાષ્ટ્રીય પરિષદનું ઉદઘાટન કરતાં કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્યમંત્રી

ડોક્ટર જીતેન્દ્રસિંહે જણાવ્યું છે કે, સુશાસનથી દેશની કાર્ય પધ્ધતિ બદલાઈ રહી છે અને સુશાસન માટે ગુજરાત સમગ્ર દેશનું રોલ મોડલ બન્યું છે.

(BYTE -- JITENDRA SINH, Central Minister)

# GST RAID

બિલ વિના વેચાણ કરતા વેપારીઓ પર સ્ટેટ GST વિભાગે  કાર્યવાહી કરી છે... રાજ્ય કરવેરા વિભાગ દ્વારા  કરચોરી કરતાં કેટલાંક વેપારીઓ સામે તપાસ કરતાં તેમની પાસેથી  ૯ કરોડ ૧૧ લાખની કરચોરી પકડાઈ છે.

GST વિભાગ દ્વારા કેમિકલ્સ, ગિફ્ટ આર્ટિકલ્સ, રમકડાં, ઇલેક્ટ્રોનિક્સ,બ્યુટી પાર્લર અને મેનપાવર સહિત અલગ અલગ ૧૪ વેપારીઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યાં હતાં. જે પૈકી ૮ વેપારીઓ અમદાવાદ, ૩ સુરત, ૨ વેપારી વાપી તેમજ એક વ્યારાના વેપારીને ત્યાં દરોડા પડાયાં હતાં..

આ તપાસ દરમિયાન GST વિભાગે બિનહિસાબી વેચાણ અને વેરા મામલે ગેરરીતી કરવામાં આવી હોવાનું શોધી કાઢ્યું હતું.

# ANAND CM

આગામી પહેલી ફેબ્રુઆરીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આણંદ જિલ્લાની મુલાકાત લેશે. આ મુલાકાતને ધ્યાને લઇને જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને મુખ્યમંત્રીના કાર્યક્રમના સુચારુ આયોજન-અમલીકરણ અર્થે સબંધિત વિભાગના અમલીકરણ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી.

જિલ્લા કલેકટરે ઉપસ્થિત અધિકારીઓને જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આણંદ જિલ્લાના બોરસદ મુકામે વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરશે. મુખ્યમંત્રીના કાર્યક્રમોને ધ્યાને લઈ સબંધિત અધિકારીઓને તેમના હસ્તકની કામગીરી સુચારૂ રૂપે થાય તે જોવા જણાવ્યું હતુ. તેમણે કાર્યક્રમના સ્થળ, હેલીપેડ, રસ્તા તથા ટ્રાફિક સહિતની આનુસાંગિક તમામ વ્યવસ્થાઓ સંદર્ભે ઉપસ્થિત અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી..

# BHUPENDRA ZALA

BZ ફાયનાન્સ દ્વારા રોકાણકારોના 6 હજાર કરોડ રૂપિયા ડૂબાડવાના આરોપમાં પકડાયેલા ભૂપેન્દ્ર ઝાલાની જામીન અરજીને કોર્ટે નામંજૂર કરી છે. ગઈકાલે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં જામીન અરજી નામંજૂર કરાઈ હતી.

સરકારી વકીલે દલીલ કરી હતી કે, આરોપી પાસે ધિરાણ માટેની કોઈ કાનૂની પરવાનગી કે લાઇસન્સ હતું નહીં. ઉપરાંત સરકારી વકીલ દ્વારા પૈસા સમયસર પરત ન મળ્યા હોય તેવા 150 લોકોની સૂચિ રજૂ કરાઈ હતી.

ઉલ્લેખનીય છે કે, BZ ફાઇનાન્સમાં સંડોવાયેલા ભૂપેન્દ્ર ઝાલા વિરૂદ્ધ CID ક્રાઈમ પોલીસ મથકે ગુનો નોંધ્યો હતો, અને મહેસાણાના એક ફાર્મ હાઉસ પરથી ધરપકડ કરવામાં આવી હતી.

# Weather

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ચાર દિવસ રાજ્યમાં લઘુતમ તાપમાનમાં કોઇ નોંધપાત્ર ફેરફાર થશે નહીં.

ઉત્તર પશ્ચિમ દિશા તરફથી આવતાં પવનને લીધે ગુજરાતમાં દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થઈ રહ્યો હોવાનું હવામાન વિભાગના ડાયરેક્ટર એકે દાસે જણાવ્યું હતું.

**(BYTE -- A K DAS)**

# JAMNAGAR BUDGET

**જામનગરના મ્યુનિસિપલ કમિશ્નરે મહાનગરપાલિકાનું વર્ષ 2025 અને 2026નું એક હજાર 493 કરોડ રૂપિયાનું અને 325 કરોડ 94 લાખ રૂપિયાની પૂરાંત સાથેનું વાર્ષિક અંદાજપત્ર સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કર્યું હતું. કમીશ્નર દ્વારા 11 કરોડ રૂપિયાના નવા કર સૂચવવામાં આવ્યા છે અને અનેક નવા વિકાસલક્ષી કામોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.**

**આ અંગે મ્યુનિસિપલ કમિશ્નર ડી.એન.મોદીએ વધુ માહિતી આપી....**

**(બાઈટ -- ડી.એન.મોદી, કમિશ્નર, જામનગર)**

# NAVAA JILLA ANGE RAJUAAT-BANAASKANTHA

રાજ્ય સરકારે બનાસકાંઠા જિલ્લામાં તાજેતરમાં નવા વાવ-થરાદ જિલ્લાની જાહેરાત કરી છે. જેમાં સૂચિત નવા જિલ્લાનું મુખ્યમથક થરાદ રહેશે. જેમાં થરાદ,

વાવ, સુઈગામ, ધાનેરા, લાખણી, દિયોદર, કાંકરેજ અને ભાભર એમ મળીને કુલ આઠ તાલુકા રહેશે. જ્યારે મૂળ બનાસકાંઠા જિલ્લાનું મુખ્યમથક પાલનપુર રહેશે. ઉપરોક્ત જાહેરાત સબંધે જાહેર જનતા જો કોઈ રજૂઆતો કરવા માંગતી હોય, તો સંબંધિત નાયબ કલેકટરને બીજી ફેબ્રુઆરી સુધી લેખિત સ્વરૂપે મોકલી શકશે તેમ બનાસકાંઠા જિલ્લા કલેકટરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# GUJCOST STEM QUIZ

અમદાવાદમાં આવતીકાલે ગુજરાત સાયન્સ સિટી કેમ્પસમાં ગુજરાત STEM ક્વિઝ 3.0 ના ગ્રાન્ડ ફિનાલે યોજાશે.

જેમાં રાજ્યભરના વિદ્યાર્થીઓની ઉત્સાહપૂર્ણ ભાગીદારી જોવા મળી છે, ગુજરાત STEM ક્વિઝ 3.0 માં વિદ્યાર્થીઓ માટે કુલ 2 કરોડ રૂપિયાનું ઈનામ છે. ગ્રાન્ડ ફિનાલે યુવાનોને વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ એટલે કે STEM પ્રત્યેની રૂચીને વધારશે.

રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્મા વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરશે. દેશભરના વિવિધ બોર્ડ અને રાજ્યોના ૧૦ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓએ આ ક્વિઝમાં નોંધણી કરાવી હતી.